નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હસ્તકની જિલ્લા નાયબ નિયામક, રાજકોટની કચેરીમાં રીનોવેશન અંગેની બાબત.

નવી બાબત વર્ષ ૨૦૨૬-૨૭, રકમ રૂ. ૦. ૫૧ કરોડ

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: SJED/MSM/e-file/17/2025/2902/A Section
સચિવાલય, ગાંધીનગર
તા: e-sign મુજબ

**વંચાણે લીધા:-**

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા:૦૯/૦૩/૨૦૨૬નો પત્રાંક: DDCW/NRD/e-file/225/2025/0778/M-Branch-Admin-Store-R

**આમુખ:**

નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હસ્તકની જિલ્લા નાયબ નિયામક, રાજકોટની કચેરીમાં રીનોવેશન કરવાની નવી બાબતને નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં સમાવવામાં આવેલ છે જેને વહીવટી મંજૂરી આપવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરીના વંચાણે લીધેલ ક્રમ (૧) પરના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ હતી. સદર નવી બાબતને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે, નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હસ્તકની જિલ્લા નાયબ નિયામક, રાજકોટની કચેરીમાં રીનોવેશન કરવા અંગેની રૂ. ૦.૫૧ કરોડની વર્ષ ૨૦૨૬-૨૭ની નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:**

1. બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણે તત્કાલીન પ્રવર્તમાન S.O.R મુજબ નકશા-અંદાજો તૈયાર કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે. સદર બાંધકામ અંગેની ટાઈપ ડીઝાઈન માર્ગ અને મકાન વિભાગ પાસેથી અથવા નિયત થયેલ સંસ્થા પાસેથી તૈયાર કરવાની રહેશે.

2. બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

3. આ કામ માટે જમીન સંપાદન કરવાની જરૂરીયાત હોય તેવા સંજોગોમાં જમીન સંપાદન અંગેની કાર્યવાહી સત્વરે પૂર્ણ કરાવી લેવાની રહેશે અને જમીન સંપાદન અંગેની કામગીરી પૂર્ણ કર્યા બાદ જ વર્ક ઓર્ડર આપવાના રહેશે.

4. રેલ્વે, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની મંજૂરી કે જમીન સંપાદનની આવશ્યકતા જણાતી હોય તો આવી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે. આવા જરૂરી કલીયરન્સ મેળવવામાં જો વિલંબ થવાનું જણાય તો વર્કઓર્ડર આપતાં પહેલાં જરૂરી ચોકસાઈ કરી લેવાની રહેશે.

5. જમીન સંપાદન/ પુન: સ્થાપન કે પુન:વસન વિ. કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાના રહેશે.

6. સદર બાંધકામ અંગેની કામગીરી પ્રોજેક્ટને અસર ન થાય તે રીતે નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે. આ બાંધકામ અંગે જો કોઈ લીટીગેશન, પબ્લિક કોર્ટ કેસ પડતર હોય તો પ્રોજેક્ટને અસર ન થાય તે રીતે નિયત સમયમર્યાદામાં યોગ્ય નિકાલ કરવાનો રહેશે.

7. આ યોજના ની અમલવારી અર્થે કોઇ અન્ય વિભાગ સાથેના Linkagesની કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાના રહેશે

8. આ કામની ડિઝાઈન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

9. મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.

10. બાંધકામ અંગેની કામગીરી સંદર્ભે સરકારશ્રીની મંજૂરીથી જો કોઈ અલાયદા એકમને બાંધકામની જવાબદારી સોંપવામાં આવી હોય તે સિવાયના બાંધકામના તમામ કિસ્સાઓમાં રાજય સરકારના માર્ગ અને મકાન વિભાગ મારફત જ કામગીરી કરાવવાની રહેશે.

11. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રર્વતમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

12. આ બાંધકામ અંદાજોની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

13. ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પધ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

14. સૂચિત કામો પૈકી જે કામો VBGRAMG હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો ખર્ચ VBGRAMG યોજના હેઠળ ઉધારવામાં આવે તે અંગેની કચેરીએ તકેદારી રાખવાની રહેશે.

15. જો મકાન તોડી પાડવાનું હોય તો મકાન તોડી પાડવાની અનુમતી સક્ષમ કક્ષાએથી મેળવ્યા બાદ ગ્રાંટ રીલીઝ કરવાની બજેટ શાખાએ તકેદારી રાખવાની રહેશે.

16. કેન્દ્ર પુરસ્કૃત યોજના હોય તો ભારત સરકાર પાસેથી સમયસર નાણા મેળવવાના રહેશે તેમજ ભારત સરકાર દ્વારા નિયત કરેલ શરતોનું પાલન કરવાનું રહેશે.

17. પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ તેના સુચારુ ઉપયોગ અને અમલવારી માટે operation and maintenance ની યોગ્ય વ્યવસ્થા અને આયોજન કરવાનું રહેશે.

18. આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યનાં સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

19. નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સુચનાઓનું કચેરીએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

20. સદર યોજના રાજ્ય સરકાર ના ફાળા સિવાય બાહ્ય સહાયિત, લોન કે કેંદ્રીય ફાળા થી કરવાની હોય તો તે સમયસર મેળવી

લેવા અંગે જરૂરી કાર્યવાહી સમયસર કરવાની રહેશે.

21. સમગ્ર પ્રોજેક્ટ તેની વહીવટી મંજુરીની મર્યાદામાં સમયસર પૂર્ણ થાય તે રીતે સમયબધ્ધ નાણાકિય આયોજન કરવાનું રહેશે. તે માટેના જરૂરી નાણાકીય સ્ત્રોત પાસેથી સમય સર ફંડ ઉપલબ્ધ થાય તેનું આયોજન કરવાનું રહેશે.

22. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

23. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

24. આ અંગેનો ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

25. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચમાં નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

26. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે. જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી છે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

27. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

28. સદર વહીવટી મંજૂરી અન્વયે સતત બે વર્ષ સુધી કોઇ ખર્ચ ન થાય, તો આ વહીવટી મંજૂરી આપોઆપ રદ ગણાશે.

29. Road and Building Department Resolution No.RBD/OAS/e-file/16/2022/0002/ Section C Dt. 11/10/2023થી પ્રસિધ્ધ થયેલ Standard Bidding Document (SBD) નું પાલન કરવાનું રહેશે.

30. રાજ્ય સરકારની કચેરીઓ દ્વારા હાથ ધરવામાં આવતાં કામોના ટેન્ડરને મંજુરી આપવા માટે નાણાં વિભાગના તા:૨૮.૦૩.૨૦૨૫ના પરિપત્ર ક્રમાંક:સસપ-૧૦૯૭-૧૦૯-ઝથી નિયત થયેલ સત્તામર્યાદા ધ્યાને લેવાની રહેંશે.

31. ઉકત મિલ્કતના વીમા, વીમા નિયામકશ્રીની કચેરીના પરામર્શમાં લેવાના રહેશે.

32. સદર કામનું ટેન્ડર કરવામાં આવે તે વખતે કોન્ટ્રાકટર દ્વારા Contractors all risk Policy (CAR)ની પોલીસી વીમા નિયામકશ્રીની કચેરીના પરામર્શમાં લેવાની રહેશે.

33. જે મંજુર થયેલ કામો/બાંધકામના સંદર્ભમાં કામ શરૂ થઇ ગયા હોય અથવા પૂર્ણ થઇ ગયા હોય અથવા પૂર્ણ થનાર હોય તેવા બાંધકામો/કામો બાંધકામોના કિસ્સામાં જયારે નાણા વિભાગ દ્વારા ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવે ત્યારે આવી મિલ્કતોના વીમા, વીમા નિયામકશ્રીની કચેરીના પરામર્શમાં લેવાના રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી નંબર- ૯૧, મુખ્ય સદર – ૪૦૫૯ જાહેર કામો અંગે મૂડી ખર્ચની જોગવાઇ, પેટા મુખ્ય સદર – ૦૧ ઓફીસ ઇમારતો, ગૌણ સદર ૫૧ – બાંધકામ, પેટા સદર ૦૧ કચેરી મકાનનું નવીનીકરણ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ની જોગવાઇઓમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા સલાહકારશ્રીના પરામર્શમાં સક્ષમ કક્ષાએ તા:૨૫/૦૩/૨૦૨૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

e-sd/-

(સમીર ગરાસિયા)

સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**નકલ રવાના**: (જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે)

- માન. મંત્રીશ્રી (સા.ન્યા. અને અધિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ -૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી (સા.ન્યા. અને અધિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ -૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (સા.ન્યા. અને અધિ.વિ.), સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

-સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર /- સદરહુ ઠરાવને વિભાગને વેબ સાઇટ પર અપલોડ કરવા સારૂ...

-સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

-સિલેક્ટ ફાઇલ - ૨૦૨૬

Signature Not Verified

Signed by:Samir Garasia
Section Officer
Date:2026.04.01
15:40:49 +5:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign